# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૭૪ તા. ૧૮-૯-૧૫

ફક્ત મ્યુનિ.શાળાઓ માટે :-

આથી તમામ મ્યુનિ. શાળાઓનાં મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે મ્યુનિ. સ્કૂલ બોર્ડ દ્વારા તા.૧૩-૮-૧૫ના રોજ સાબરમતિ રિવર ફ્રંટ પર 'પ્રતિભા ખોજ કાર્યક્રમ' યોજવામાં આવેલ હતો. આ કાર્યક્રમમાં મ્યુનિ. સ્કૂલ બોર્ડના બાળકોએ સુંદર સ્ટેજ પરફોમન્સ રજૂ કરી પોતાનામાં રહેલી પ્રતિભાના સૌને દર્શન કરાવેલ. આ માટે આવા બાળકોને પ્રોત્સાહિત કરનાર , માર્ગદર્શક શિક્ષકશ્રીઓ, મુખ્ય શિક્ષકશ્રીઓ અભિનંદનના અધિકારી છે.

આ સુંદર પ્રયાસોના ભાગ રૂપે આવા બાળકોની પ્રતિભાને અનુરૂપ ભવિષ્યમાં તેમને યોગ્ય વ્યવસાયિક તકો મળે તે માટે મ્યુનિ. કોર્પોરેશનના આર્થિક સહયોગથી આવા બાળકો માટે ''દિવાળી વેકેશન ચિલ્ડ્રન વર્કશોપ'' નું આયોજન વિચારેલ છે. જેથી આમા રસ ધરાવનાર બાળકો તેમજ તેમના વાલીઓ સાથે જરૂરી આ અંગે ચર્ચા વિચારણા કરી વાલીઓની સહમતિ સાથે મ્યુનિ. સ્કૂલ બોર્ડમા બાળકોના નામો દિન-૧૦માં જે-તે ઝોનના મદદનીશ શાસનાધિકારીશ્રીઓને નીચેના ફોર્મેટમાં મોકલી આપવા જણાવવામાં આવે છે.

| ક્રમ | બાળકનું નામ | શાળાનું નામ | બાળકના રસનું ક્ષેત્ર | બાળકને શાળામાં તાલીમ લેવી છે. | રિમાર્કસ |
|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) |
| | | | | | |

તા.૧૮-૯-૧૫

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી